**નિયામક , અનુસૂચિત જાતિ કલ્યાણ ,**

**ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૪/૨, ગાંધીનગર.ફોન નં. ૦૭૯-૨૩૨-૫૧૬૫૫**

**મહારાજા સયાજીરાવ ગાયકવાડ સાહિત્ય પ્રકાશન યોજના જાહેરાત વર્ષ: ૨૦૨૬-૨૭**

## :: જાહેરાત ::

અનુસૂચિત જાતિના સાહિત્યકારો, સર્જકો, સંશોધકો અને પી.એચ.ડી ધારકોને અનુસૂચિત જાતિઓની વિવિધ સમસ્યાઓ સંબંધિત લખાણો અને સાહિત્યના પ્રકાશન માટે રૂ.૧૦,૦૦૦/-(અંકે રૂપિયા દસ હજાર )સુધીની સહાય આપવામાં આવે છે.આ યોજના અન્વયે અનુસૂચિત જાતિઓની વિવિધ સમસ્યાઓ સંબંધિત મૌલિક લખાણો અને સાહિત્યના પ્રકાશન માટે જ સહાય મળી શકશે. કોઈપણ અનુવાદ માટે સહાય મળી શકશે નહિ. આ યોજનાના નિયત અરજી પત્રક સંબંધિત જિલ્લાના નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીમાંથી અથવા આ કચેરીમાંથી તેમજ આ કચેરીની વેબસાઈટ http://sje.gujarat.gov.in/dscw પરથી ડાઉનલોડ કરીને મેળવી શકાશે. નિયત નમૂનાના અરજીપત્રકમાં સંપૂર્ણ વિગતો/આધારસહ તથા અરજદારશ્રીએ પ્રકાશિત કરવા માંગતા હોય તેવા મૌલિક લખાણની નકલ સાથે આ કચેરીને તા. ૧૯/૦૮/૨૦૨૬ થી તા.૨૯/૧૦/૨૦૨૬ સુધીમાં મોકલી આપવાના રહેશે. સમય મર્યાદા બાદ મળેલ આવેદનપત્રો રદ ગણવામાં આવશે. આવેદનપત્ર સાથે અનુસૂચિત જાતિના પ્રમાણપત્રની નકલ તથા સાહિત્યકારશ્રી પ્રકાશિત કરવા માંગતા મૌલિક લખાણોની હસ્તલિખિત પ્રતો/નકલો તેમજ અરજીપત્રકમાં દર્શાવ્યા મુજબના સાધનિક કાગળોની નકલો અવશ્ય જોડવાની રહેશે. અગાઉ લાભ મળેલ હોય તેવી વ્યકિતએ અરજી કરવાની રહેશે નહિ.

(રચિત રાજ)IAS

નિયામક

અનુસૂચિત જાતિ કલ્યાણ

ગુજરાત રાજ્ય, ગાંધીનગર